

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કાશ્મીર સરહદે રોજની પ્રગટે છે હોળી !*
*આતંકને ઉંબાડે રોજની પ્રગટે છે હોળી !*
*પ્રકટે હોળી રોજ કયાંકને કયાંક ચૂંટણીમાં -*
*અને લોન-લગામે બેંકોમાં પ્રગટે છે હોળી!*

### હાઈકુ

*નિર્દોષ ભાવે*
*બેઠી પ્રજા પ્રહ્‌લાદ*
*બેન્ક ને ખોળે!*

*બાલોદ્યાનમાં -*
*રાખી લ્યો નોકરીએ*
*પંચમસિંહ*
*(આમે ટ્રેન મશીનથી ચાલે છે ક્યાં?)*

### ચિંતન

**મનખ જનમ કો પાય કે, ભજ્યા ન રઘુપતિ રાય,**
**તેલી કરો બેલ જ્યોં, ફિર ફિર ફેરા ખાય.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે મનુષ્ય જન્મ પામવા છતાં તારું કર્તવ્ય ભૂલથી સદાય સંસારે વહેવાર અને કુટુંબ કબીલામાં રાચ્યા કરતો 'હે માનવી !!' તુ તો ખરેખર ઘાંચીના બળદની તોલે જ આવે છે. ઘાંચીનો તો બળદની આંખ પર ડાબલાં પહેરાવી દીધા છે. તેથી તેને કંઈ દેખાતું નથી. અને કંઈ ખબર પણ પડતી નથી કે તે કેટલું ચાલ્યો અને કયાં જઈ રહ્યો છે.

કંઈ સમજ ન પડતી હોવાથી તે ગોળગોળ ફરતો રહ્યો છે અને ઘાંચીની ઘાણી ફેરવતો રહે છે પણ તેં તો તારી જાતે જ તારી આંખ પર મોહ માયાના પડળ ચડાવી દીધાં છે તેથી તને સાચું - ખોટું, સારું-ખરાબ શું તે દેખાતું નથી. તેથી જ તે પોતેં રચેલી માયા જાળમાં ગોળગોળ ઘૂમ્યા કરે છે.

કબીર કહે છે તારી આંખો પરનાં મોહ-માયાનાં પડળ ઉતારી, તારું કર્તવ્ય શું છે તે જોઈ-જાણીને આ સંસારરુપી ઘાણીમાંથી મુક્ત થઇ જા.

### સુવિચાર

- અગમચેતી નહીં રાખનારો માણસ થોડા જ સમયમાં વિધાતાના હાથનું રમકડું બની જાય છે - **જહોન કોલ્ટન**
- પંખી ઈચ્છે છે કે પોતે વાદળ હોત તો...!!, ને વાદળ ઈચ્છે છે કે પોતે પંખી હોત તો !! - **રવિન્દ્રનાથ ટાગોર**
- પોતાની ઈચ્છાને જ પરમ નિયમ ગણનારો શાસક ભયંકર અત્યાચારી છે - **વોલ્તેર**
- અત્યાચાર અને ભય પરસ્પર હાથ મિલાવે છે - **ચાઈનીઝ કહેવત**
- સત્તા અધિકાર એ વિનાશકારી પ્લેગ જેવા હોય છે, જેને પણ સ્પર્શે તેને ભ્રષ્ટ કરી નાખે - **જન્મભૂમિ**
- અન્યાયને સલાહ આપવા ઠગાઈ તૈયાર જ હોય છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : લીંબુનો રસ, દહીં અને ચાની ભૂકી મિક્સ કરી પેસ્ટ બનાવી વાળમાં લગાવવાથી કંડીશનરનું કામ કરે છે. ***(સંકલન : દિપક વી. આશરા)***

### બોધકથા

ઘણા સમય પહેલાની વાત છે. અમેરિકાના ફિલાડેલ્ફીયામાં ફ્રેન્કલીન નામનો માણસ રહેતો હતો. તે સ્વભાવે પરગજુ હતો. એ સમયે સ્ટ્રીટ લાઈન નહોતી. રાતે અંધારામાં કોઈ બહાર નીકળી શકતું ન હતું. નીકળવું પડે તો લોકોને રાત્રે ખૂબ તકલીફ પડતી.

લોકોની આ તકલીફ ફ્રેન્કલીનથી સહન થતી ન હતી, એને એવો વિચાર આવ્યો કે ઘરની સામે એક લાંબો વાંસ રોપી તેની ઉપર ફાનસ લટકાવી દીધું. ફ્રેન્કલીનનું આવું પરાક્રમ જોઈ લોકો તેની મશ્કરી કરવા લાગ્યા. ઘરની બહાર આમ ફાનસ લટકાવવાનો શું મતલબ ? ઘરના લોકોએ પણ નાહકનો ખર્ચ ન કરવા કહ્યું. ફ્રેંકલીને કહ્યું, 'આ ખોટો ખર્ચ નથી, રસ્તામાં અંધારામાં લોકોને ઠોકર વાગે છે. હાડકાં ભાંગે છે, જંગલી જાનવરો પણ આવી જાય છે. એટલે જો રસ્તા પર ફાનસનું અજવાળું હશે તો રાત્રે અવર જવર કરનારને સરળતા રહેશે.'

રાત્રે અવરજવર કરનારા ફાનસને જોતાં અને મનોમન આ ફાનસ લટકાવનાર તો આભાર માનતા. થોડા દિવસો પછી આખું ગામ પોતાના ઘર સામે વાંસ રોપી ફાનસ લગાવવા લાગ્યા. એકાદ વર્ષ આમ ચાલ્યું. પછી તો ફિલાડેલ્ફીયાની નગરપાલિકાએ આખા નગરમાં દરેક રસ્તે રસ્તે શેરીએ શેરીએ લેમ્પ પોસ્ટ લગાડી દીધા. એમ કરતાં કરતાં લેમ્પ પોસ્ટ આખા અમેરિકામાં તથા ત્યારબાદ આખી દુનિયામાં ફેલાઈ ગયા.

એક વ્યક્તિની નિઃસ્વાર્થ ભાવનાએ રસ્તાઓ ઝગમગતા કરી દીધા !

# હોળી – પરંપરાગત પર્વ

**તંત્રીસ્થાનેથી...**

હોળી શબ્દ સાથે અનેક સંદર્ભો જોડાયેલા છે. જુદા જુદા સંજોગોમાં અને પ્રદેશોમાં એની અલગ-અલગ અર્થ છાયા પ્રગટતી જોવા મળે છે. દાખલા તરીકે સુખદુઃખ સંદર્ભે દિવાળીને સુખનું પ્રતીક માની લેવાયેલ છે અને હોળીને એનો વિરુદ્ધાર્થ - ગ્રામીણ સમાજમાં તો આ અર્થ સંદર્ભે લગભગ બદાને હોઠવગો. 'હૈયા હોળી' જેવા શબ્દો પમ રચાયા છે અને લોક બોલી સાથે રસાઈ ગયા છે. રહસ્યમય મૃત્યુ પાછળ પણ મરનારની હૈયાહોળીનું પગેરું લેવાતું રહ્યું છે. પરંતુ ઉત્તરભારતમાં હોળી આનંદનો ઓચ્છવ છે. બધી દુન્યવી પળોજળ વીસરીને લોક એકમેકને અબીલ ગુલાબથી રંગે છે, કયારેક કાદવ પણ ઉછાળે છે. એ ભાંગ ચડાવીને આવેલા ઘેરૈયા બીભત્સ ફટાણાં ગાય કે નવોઢાના ગાલ પર ગુલાબના લીટા કરી દે, એની છાતી સામે પીચકારીમાં ભરેલું રંગીન પાણી ફેંકે તો પણ એથી કોઈ માઠું નથી લગાડતું. બસ ટૂંકો ને ટચ ચુકાદો : 'બુરા ન માનો, હોલી હૈ !'

અલબત્ત, ગુજરાતમાં હોળીને બે દિવસોમાં વહેંચી દેવાયેલ છે. જેમાં પહેલાં દિવસે હોલિકાદહનની પરંપરા નિભાવવામાં આવે છે અને બીજા દિવસે ધુળેટીની રંગછોળો ઊડે છે. ધુળેટી શબ્દમાં 'ધૂળ' નો સંદર્ભ સમાયેલો છે જ. હોળી પર્વ સવિશેષ ઉત્તર ભારતીયોનો ઉત્સવ છે જે માત્ર ને માત્ર બધાં જ કહેવાતાં બંધનોમાંથી વખત પૂરતા મુક્ત થઈ વરસભરના સ્ટ્રેસને પિચકારીમાં પૂરી ઉડાડી દેવાનો મનોવૈજ્ઞાનિક પુરુષાર્થ છે. હોળીના રંગોત્સવ સાથે શ્રીકૃષ્ણથી લઈ ભગવાન સ્વામિનારાયણ સુધીની વિભૂતિઓ સંકળાતી રહે છે. ત્યાં સુધી કે જૈન સાધુઓ પણ હવે આ ભારતીય રંગોત્સવનાં આયોજનો કરવા લાગ્યા છે! હોળી એ માત્ર હિંદુઓનો તહેવાર ન રહેતાં અખિલ ભારતીય સર્વસાંપ્રદાયિક મહોત્સવ બની રહ્યો છે. દરેક જણ પોતાપોતાના ગજા મુજબ આ ઉત્સવ ઉજવે છે. આજીવિકા માટે વહાલું વતન છોડીને 'પરદેશ' વેઠતા મારવાડીઓ અને ઉત્તર ભારતવાસીઓ હોળીનો તહેવાર મનાવવા કામધંધો છોડી વતન તરફ પ્રયાણ કરે છે. બોલીવુડની હોળી બહુ જ ઝમકદાર હોય છે. સેલિબ્રીટી સ્ટાર્સને રંગોની છોળો ઉડાડતા જોવા એ પણ એક લહાવો છે. દિલ્હીની હોળી છેક રાષ્ટ્રપતિભવન અને વડાપ્રધાન નિવાસ સુધી પહોંચે છે. વિદેશોમાં પણ દિવાળી જેમ હોળીએ ભારતીયતાની ઓળખ બની ગઈ છે. આ વખતની હોળીની પૂર્વસંધ્યાએ જ મહિલા સુપરસ્ટાર શ્રીદેવીની કમનીય કાયા અગ્નિદેવને સમર્પિત થઈ હોઈ બોલીવૂડની હોળીનો રંગ સ્વાભાવિક રીતે જ ફિક્કો પડી ગયો છે. સંવેદનશીલ સેલિબ્રિટીઓએ શ્રીદેવીના શોકમાં હોલિકોત્સવ બંધ રાખ્યો છે. માનવીના જીવનનો કોઈ જ ભરોસો નથી. લગ્ન સમારોહમાં સામેલ થવા દુબઈ પહોંચેલી ચાંદનીનો આવો કરુણ અંજામ તો એના દુશ્મનોએ પણ નહીં કલ્પ્યો હોય.

ગાંધીનગર જેવા નવા વસેલાં પાટનગરમાં ઠેર-ઠેર હોલિકાદહનના કાર્યક્રમો યોજાય છે. વનવિભાગ એ માટે કિફાયતી દરે લાકડું પણ પૂરું પાડે છે. અલબત્ત, આથી થતા પ્રદૂષણ અને પર્યાવરણના નુકસાન સામે પણ અવાજ ઊઠવા લાગ્યો છે. જો કે હોળીની રાતે પરંપરાગત રીતે પ્રહ્‌લાદને ખોળામાં બેસાડી ચિતામાં બેઠેલી હોલિકાનું રક્ષાકવચ નિષ્ફળ નીવડે છે અનો ભગવાન એના નિર્દોષ બાળભક્તને બચાવી લે છે - એ નૈતિક મૅસેજ ઉપરાંત વાતાવરણમાં ફેલાયેલ વાઈરસ પણ હોળીની જવાળાના તાપથી ભસ્મ થઈ જતાં હોવાનો વૈજ્ઞાનિક સંદર્ભ આ પરંપરાનું સમર્થન કરે છે. પુત્રજન્મની ખુશાલી નિમિત્તે એ નવજાત શિશુને હોળીની પ્રદક્ષિણા કરાવવાથી પ્રથા પણ ખોટી ન જ ગણાય. વળી પાલજમાં તો હોળીના અંગારા પર ઉઘાડા પગે ચાલવાની પરંપરા છે. એને ચમત્કાર ન ગણીએ તો પરાક્રમની રીતે પણ એનો મહિમા કરી શકાશે.

# કેસૂડાના ફૂલ : શરીરને અનેક રીતે ફાયદાકર છે



**પહેલું સુખ તે જાતે નર્યા**
**ડૉ. કેદાર ઉપાધ્યાય**

આવતીકાલે હોળી અને પરમદિવસે ધૂળેટી. વસંતઋતુ પૂરબહારમાં ખીલી છે. વસંતઋતુ એટલે શિયાળા અને ઉનાળાની વચ્ચેની ઋતુ. આ સમયે તબિયત બહું સાચવવી પડે. શરદી, ઉધરસ, એલર્જી, તાવ આદિ બહું જોવા મળે. આ સમયે વાઈરસ અને બેક્ટેરીયાના ઈન્ફેક્શન પણ બહુ થાય. આવા જ સમયે સમગ્ર વાતાવરણને શુધ્ધ કરતો તહેવાર એટલેકે હોળી આવે. ખાખરો, લીમડો, આદિ લાકડા અને ગાયના છાણાથી બનેલ હોળી ઠેર ઠેર પ્રગટે. આ હોળી વાતાવરણમાં વાઈરસ અને બેક્ટેરીયાનો નાશ કરે છે.



આપે અનુભવ્યુ હશે કે હોળી પછી શરદી-તાવ જેવા ઈન્ફેક્શન વાળા રોગો ઓછા થાય છે. હોળી સમયે ધાણી-દાળીયા-મમરા જેવા સુકા અને હળવા આહારની પ્રતિકાત્મકતા પણ સમજવા જેવી છે. હોળીના સમયે આપણો પાચકાગ્નિ મંદ હોય છે તેમજ જે લોકોની ઈમ્યુનિટી ઓછી હોય તે લોકોને ઈન્ફેક્શન પણ લાગવાની શક્યતા હોય છે. આ સમયે સૌથી અગત્યની ધ્યાનમાં રાખવાની બાબત એટલે આહાર.

આવા સમયે વ્યક્તિએ પચવામાં હળવો અને સુકો ખોરાક લેવો જેથી પાચનતંત્રને બહુ બોજ ન પડે, શરીરનો વધારાનો કફ શમે અને શરીરની ઈમ્યુનિટી પણ વધે.

હોળી પછી આવે રંગોત્સવ ધૂળેટી. આજે આ આનંદોત્સવમાં રંગોનું સ્થાન અલગ અલગ કેમીકલ યુક્ત આર્ટીફિશીયલ રંગોએ લઈ લીધું છે, પણ વાસ્તવમાં ધૂળેટી નેચરલ કલર્સથી જ રમાતી અને રમાવી જોઈએ. આ નેચરલ કલર્સને પોતાના આગવા ગુણો છે જે આપણી હેલ્થ પર પોઝીટીવ અસર પાડે છે. હળદર, મોથ, મજીઠ, ભાંગરો આદિ ઔષધોમાંથી નેચરલ કલર્સ બને છે. (આજે વિદેશમાં નેચરલ કલર્સ યુક્ત પોશાકો પહેરવાનો ક્રેઝ છે. લોકો ઢગલો રૂપીયા ખર્ચીને આવા કપડા ખરીદે છે.)

ધૂળેટીના આ નેચરલ રંગોમાં શિરમોર નામ એટલે પલાશ પુષ્પ, એટલે કે કેસૂડા. પલાશના (ખાખરા) વૃક્ષ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઘણા છે. ૪૦-૫૦ ફૂટ ઉંચા ખાખરાનાં ઝાડને મોટા પાન હોય છે. વસંતઋતુમાં ખાખરા પર ફૂલો બેસે. આમ તો ખાખરાનું ઝાડ દેખાવે એટલું રમ્ય નથી હોતું પણ જ્યારે તેમા કેસૂડા બેસે ત્યારે બહું જ સુંદર લાગે છે.

ગામડામાં તો બાળકોને દિવસો સુધી કેસૂડાના પાણીમાં નવડાવવામાં આવે છે, રતાશ પડતા કેસરીયા એવા કેસૂડાના પાણીના એન્ટીસેપ્ટીક ગુણો છે. તે ચામડી માટે હિતકર છે. વાન સુધારે છે. નાનામોટા ફોડા-ફોલ્લીઓ તો તાત્કાલિક બેસી જાય છે. ચામડીની ખંજવાળમાં રાહત આપે છે. બાળકોમાં પેશાબ છૂટતો ન હોય તો કેસૂડાના ફૂલને બાફીને તેને પેડુ પર બાંધવામાં આવે છે. કેસૂડા રક્તસ્રાવ અટકાવનારા છે. કેસૂડાને ૧૦-૧૨ કલાક પાણીમાં પલાળી એ પાણી પીવાથી નાક કે મૂત્ર વાટે લોહી નિકળતું બંધ થાય છે. ખાખરાનું વૃક્ષ પણ રસાયણતુલ્ય છે. શરીરને અનેકવિધ રીતે ફાયદાકર છે. ખાખરાના ફળને પિત્તપાપડો કહે છે. તે પેટના રોગો, ડાયાબિટીસ, હરસ આદિમાં ફાયદાકર છે.

કેસૂડાનાં ફૂલો ગાંધીનગરમાં તેમજ લગભગ દરેક શહેરમાં મળે છે. કદાચ શોધવા માટે થોડી જહેમત ઉઠાવવી પડે, પણ એ જહેમત આપણા સ્વાસ્થ્ય અને આનંદ માટે છે. હોળી-ધૂળેટીની આગોતરી શુભેચ્છાઓ....

- contact@atharvaayu.com

# એક કેસૂડે કહ્યું છે મને કાનમાં, રંગ કેસરિયો રેલ્યો વરદાનમાં



**મનના ઉમંગો**
**રણછોડ પરમાર**

લ્યો, આવી ગઈ ને હોળી ! ભલે તમે કોઇના રંગમાં રંગાયા હોવ કે ના રંગાયા હોવ , પણ ફાગણ સુદ પૂનમ તો આવી ગઈ તમારે આંગણે. હવે આંખો ચોળવાનું બંધ કરો અને મુખારવિંદ પર તમારા જમાનાના હિરો જેવું મીઠુ મધુરું સ્મિત રેલાવા દો. આજે નહાવાની ઉતાવળ સહેજે ના કરતા. (આમે ય કયાં કદી કરી છે ?) તમારા નસીબમાં કદાચ કોઇના રંગે રંગાવાનું લખ્યું હોય તો ફરી નાહવાની તકલીફ ના પડે ? અરે કોઇ નહીં તો બાજુવાળા છોકરાનો ટેણિયો ય જો એક પિચકારીની સેર બધાહ ના ના ' કહેતા હોય છતાં છંટકાવી દે તો એના તોફાની હાસ્યમાં તમારા બાળપણનું સ્મિત ગોતી લેજો. કોઇ રંગવા ના આવે તો શાંતિથી તમારી વહુવારુંએ વઘારેલા મસ્ત મસાલેદાર ધાણી-મમરાં ખાવા બેસી જાવ અને મસ્ત મઝાની ચા આવવાની રાહ જુઓ.ચા-નાસ્તો પતી ગયા પછી શાંતિથી છાપુ હાથમાં લઈને વાચવાનું શરૂ કરો. જોજો છાપાનો એકે અક્ષર વાંચ્યા વગરનો રહી ના જાય. મસ્તીનો દિવસ છે સહેજે સોગિયું મોઢુ રાખશો નહીં. ટીવીનું ડબલું બંધ જ રહેવા દો મારા ભાઈ. એમાં જુગજૂના પિત્તળની લાંબી પિચકારીમાંથી છૂટતા રંગોના એના એ ગાયન આવતા હશે.હવે શ્રીદેવીના ય અગ્નિસંસ્કાર થઈ ગયા છે તેના મૃત્યુના રહસ્યો ગુંચવી હુંચવીને મિડિયાવાળાઓએ તો માથુ પકવી દીધું. શ્રીદેવીના સમાચાર તો ખાસા ત્રણ દિવસ ચાલ્યા નહીં ? આટલી ચર્ચા તો કદાચ લાલ બહાદૂર શાસ્ત્રીના અવસાનની યે નહીં થઈ હોય ? આ ત્રણ ચાર દિવસ એકના એક સમાચાર સાંભળીને ય કંટાળ્યા હશોને ? આજે હોળી છે રંગ અને રમુજોની વાત કરવાને બદલે આપણે કેવી વાતો કરી રહ્યા છીએ નહીં ? ચાલો ખંખેરી નાખો એ શોકમય ક્ષણો અને અહીં આવો તમને કવિશ્રી સુંદરમનું એક મદમસ્ત કેસૂડાંનું ગીત સંભળાવું.

૨. કેસૂડાં ખીલ્યાં
કેસૂડાં, કેસૂડાં ખીલ્યાં છે ભલી ભાતનાં,
શીળી સવાર અને મીઠેરી સાંજનાં
રણઝણતી માઝમ રાતનાં,
ઉજળે બપોર એના રંગની ઉજાણી,
કેવી ચુંદડી ઓઢી વનરાણી. -કેસૂડાં
હું તો મારે મારગડે એકલડી ઘૂમતી ને
ને પાને પાને જીવ પ્રોતી,
મારો એ જીવ કોકે ઝાલ્યો આવીને ત્યહીં,
હું તો ઝાડ ઝાડ રહી એને ગોતી. -કેસૂડાં...
કામણગારાની એક બંસરી સુણી'તી,
એ તો પાછો ક્યાંયે ના દેખાણો, ડાહ્યાં ડમરાંની આખી દુનિયામાં પાગલને
કરમે લખાયો શું પહાણો. -કેસૂડાં....
લાવજો રે પહાણો ભાઈ, એ યે નસીબમાં શું ?
પહાણો લઈ કૂટશું કપાળને-
કેવું તે લાલ લાલ કંકુ નીકળશે ને
કેવી લક્ષ્મી હા મળશે કંગાળને.કેસૂડાં...
કેસૂડે કેસૂડે રંગ મારો પૂરીશ ને
આંગણિયે આંગણિયે સાથિયા,
આ રે વસંત મારી આવી જવાની,
કહે તારી કેવી, વરણાગિયા.- કેસૂડાં

તમારા બાળકની વાત જવા દો . તમે તો કેસૂડાં જોયાં છે કે નહીં ? જો ના જોયાં હોય , તો તાત્કાલિક અંબાજીનો પ્રવાસ ગોઠવી દો. આરાસુર ના જવાય તો શરણેશ્વર પહોંચી જાવ. બહુ આઘે ના જવું હોય તો ઈડરથી પૂર્વમાં વિજયનગરના રસ્તે ગાડી હંકારી દો તમને જરૂર કેસૂડાં જોવા મળી જશે. અરે ક્યાંય ના જવું હોય તો અમારા સેક્ટર-૨ના સરકારી દવાખાના પાછળ જતા રહો . ત્યાં ભલે થોડાક તો થોડાક કેસૂડાના ફૂલ તમને બે ઝાંખાપાખાં ઝાડવાં ઉપર ચોક્કસ દર્શન દેશે. હું બહુ નાનો હતો ત્યારે ઉનાળામાં પાવાગઢ ગયો હતો ત્યારે બસસ્ટેંડની પાછળ જ ઘણા બધા ખાખરાના ઝાડ જોયેલાં એ વખતે હું ખાખરાના ઝાડને ઓળખતો ન હતો પણ મારા માનવા મુજબ એ ખાખરા જ હતા. હું એકેવાર વસંતમાં પાવાગઢ ગયો નથી એટલે મેં પોતે ત્યાં ખીલેલા કેસૂડાં જોયાં નથી. થોડા દિવસ પહેલાં અમે નેપાળનો પ્રવાસ કર્યો. અમારી ટ્રેન બહુ લાંબો સમય મધ્ય પ્રદેશના જંગલ વિસ્તારમાંથી પસાર થઈ. પણ રે કમનસીબ. ઝાડવા જોયાં અને ફૂલડાં ના જોયા. ખબર નહીં કેમ ત્યાં કેસૂડાં ફૂટવાનું ઘણું વિલંબથી શરું થયું છે.ભાગ્યે જ પાંચસાત વૃક્ષો પર છેક ટોચે થોડાં થોડાં ફૂલ ખીલેલાં દેખાયાં.આ વરસે આંબાના મહોર પણ ઘણા મોડેથી ફૂટયા છે. છાપામાં તો એવા સમાચાર હતા કે આ વરસે કેરીની મોસમ પણ મોડી પડશે. અમારા જેવા કેરીના રસિયા માટે આ બહુ માઠા સમાચાર છે. પહેલાં તો હોળીના દિવસે સોપારી જેવડી કેરીઓ જવાળાઓમાં પધારાવા આવી જતી હતી. આ વખતે તો ચણા જેવડી યે ક્યાંય દેખાતી નથી.

પણ આપણે કેસૂડાથી વાત શરું કરી છે. ફરીવાર શ્રી સુંદરમના ગીતથી જ સમાપન કરીએ તો મઝાનું રહેશે. ગીત જેટલું મઝાનું એટલું જ ગહન પણ છે કારણ કે ભાઈ આ સુંદરમ તો શ્રી ઉમાશંકરના જમાનાના કવિ છે. અત્યારના ફેસબુકિયા કે રાધાકૃષ્ણના ખાલી રાગડાવાળા ગીતોના કવિ નથી. આમ તો તમે સમજદાર છો એટલે આ વાત તો તમે ઉપરનું ગીત વાંચીને જ સમજી ગયા હશો.એટલે તમને બધું ફોડ પાડીને કહેવાની જરૂર નથી. ચાલો, જવા દો એવી બધી વાતો અને માણો ગીતની મઝા.

રંગ કેસરિયો
એક કેસૂડે કહ્યું ત્યાં મને કાનમાં,
હાલો હાલો વરણાગિયાની જાનમાં.
કોઇ અહીંથી આવ્યું, કોઇ ત્યહીંથી આવ્યું,
કોઇ આ લઈ આવ્યું, કોઇ તે લઈ આવ્યું.
અમે ચાલ્યા મઝાનાં ગુલતાનમાં -એક...
ડાળે ડાળે તે હતા લીલુડા સૂડલા ને
કાળી કોયલ હતી ગાતી,
કુંજ કુંજ મોરલા નીલમિયા ઠેકતા,
ને નાચંતી ઢેલ મદમાતી.
બધું જામી રહ્યું એક તાનમાં.
-એક.... ઊંચે આકાશ થકી ટહુકો આવ્યો ત્યાં એક,
એક મોરપીંછ ત્યાં દેખાણું,
નાનકડો એક હાથ, બંસીનો ટૂકડો ને,
આછું પીતાબર પરમાણું,
એને જોતાં રહ્યું ન કોઇ ભાનમાં. -એક...
પેલું કેસૂડું ઉડ્યું મારા હાથમાંથી ઝટ દઈ,
પહોંચ્યું વરણાગિયાના પાયમાં,
ગોરી ગોરી રાધિકાએ એને ઉપાડ્યું લઈ,
મૂકી દીધું વરણાગિયાની પાઘમાં,
રંગ કેસરિયો રેલ્યો વરદાનમાં . -એક...

# પલ પલ રંગ બદલતી દુનિયા... ઔર લોગ પૂછતે હૈ... હોલી કબ હૈ...



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

હે આત્મઉદ્ધારક હોળી અગ્નિ !
શાં શાં ધરું હું સમિધો તમો ને !
પ્રમાદ, માનીપણું, જાય, મૂઢતા,
ને રંગરંગી ઉરવાસનાઓ
મારી કને આયુષ્ય માત્ર તે ગ્રહો
જવાળા બનો ઉજ્જવળ એ તમારી.

●●●

ફાગણ સુદ પૂનમ એટલે હોલિકોત્સવ...

હોલિકોત્સવ એટલે વસંત વધાવતો ઉત્સવ.

ભારતીય સંસ્કૃતિ બેનમૂન અને અદ્વિતીય છે. આર્ષદૃષ્ટા ઋષિમુનિઓએ સર્જેલી ઉત્સવ શૃંખલા માનવ-સમાજમાં ભાવનાત્મક વાતાવરણ સર્જે છે. આમ જોઈએ તો ઉત્સવો એક પ્રકારની હૃદયની કેળવણી જ છે. ભારતીય સંસ્કૃતિની આ ભવ્ય પરંપરા લાક્ષણિક ઢબે ચિતરાયેલી છે. આપણા શાસ્ત્રકારોની લાક્ષણિક લિપિ ઉકેલતાં આવડે તો ભારતીય સંસ્કૃતિની મહાનતા સુપેરે સમજી શકાય.

આજે આધુનિકતાના નાદમાં ભારતીય સભ્યતા અને ઉત્સવોનું પોત પાતળું થવા માંડ્યું છે. મૂળ વિચાર ભાવના ભૂલી કશુંક ભળતું કરવા લાગ્યા છીએ. પરિણામે સમાજનો એક બહોળો વર્ગ આનાથી વિમુખ થયો છે. ઉત્સવનો ઉલ્લાસ માણવાને બદલે હરવા ફરવાના બહાને દૂર દૂર જવા લાગ્યો છે.

જીવન ઘડતરનું માધ્યમ બનેલા આપણા પર્વોનો મહિમા પિછાણવો રહ્યો.

દોસ્તો ! હોલિકોત્સવ સાથે સંકળાયેલી કથા તો સૌ કોઈ જાણે જ છે. હિરણ્યકશ્પુ નામે એક રાક્ષરાજ હતો. એના નામ મુજબ 'હિરણ્ય' એટલે ખાઓ, પીઓ અને મજા કરોની મનોવૃત્તિ ધરાવનાર. આ રાક્ષસરાજ હિરણ્યકશ્યપુએ એના રાજયમાં 'રોટલો' અને 'ઓટલો' સૌને મળે એવો પ્રબંધ કરેલો. મુખ્ય વાત તો એ જ હતી કે તે માત્ર ભોગજીવનને જ મહત્ત્વ આપતો અને ભાવજીવન તરફ સંદતર દુર્લક્ષ્ય સેવતો.



એનો દીકરો પ્રહલાદ ભક્ત હતો. જયારે તે ગર્ભમાં હતો ત્યારે તેની માતા કયાધુ નારદમુનિના આશ્રમમાં રહી હતી. પરિણામે રાક્ષસકુળનું આ ફરજંદ પૂર્ણપણે ભક્તિભાવથી પાંગર્યું હતું. પિતા-પુત્ર વચ્ચે વિચારભેદ સર્જાયો. પુત્રની ભગવદ્‌નિષ્ઠા પિતાને ખટકતી હતી. એને બદલવા અનેક પ્રયાસો આદર્યા પણ સરિયામ નિષ્ફળતા મળી, આખરે પ્રહ્‌લાદને જીવતો બાળી મૂકવાની યોજના બનાવી. પોતાની બહેન હોલીકાને વરદાન હતું કે જો તો સદ્‌વૃત્તિના માનવનો કનડશે નહિ તો અગ્નિ તેને બાળશે નહિ. પરંતુ પોતાના ભાઈના આગ્રહને વશ થઈને હોલીકાએ ભત્રીજા પ્રહલાદનો ખોળે લઈ અગ્નિમાં બેસી. આખરે હોલીકા ભળીને ભસ્મ થઈ ગઈ. ને સદ્‌વૃત્તિના ઈશ્વરનિષ્ઠ પ્રહલાદ હેમખેમ અગ્નિમાંથી બહાર આવ્યો છે. આ ઘટનાની લાક્ષણિકતા જરા સમજીએ તો પ્રહલાદ નાનો હતો. એમ આ જગતમાં સદ્‌વૃત્તિના લોકો અલ્પસંખ્યામાં જ હોય છે. પરંતુ જો જો તેઓ આ પ્રહલાદની જેમ સંઘનિષ્ઠા હોય, તપસ્વી હોય અને ક્રિયાશીલ હોય તો વ્યાપક એવી અસદ્‌વૃત્તિ તેમને કદાપિ મારી શકતી નથી.

પ્રભુ ભક્તને બાળવાનો પ્રયત્ન કરનાર હોલિકાનું પૂજન શા માટે કરવાનું ? આવો પ્રશ્ન થતો હશે જ. મિત્રો, જે દિવસે હોલિકા પ્રહ્‌લાદને લઈને અગ્નિમાં બેસવાની હતી તે દિવસે નગરના બધા જ લોકોએ ઘર ઘર અગ્નિ પેટાવીને પ્રહલાદને ન બાળવા અગ્નિદેવને પ્રાર્થના કરી હતી. અગ્નિદેવે લોકોની પ્રાર્થના સ્વીકારી અને લોક ઈચ્છા મુજબ પ્રહ્‌લાદ મુજબ ઊગરી ગયો. પ્રહલાદને બચાવવાની પ્રાર્થના રૂપે ચાલુ થયેલી ઘર ઘરની અગ્નિપૂજા કાળક્રમે 'હોળી' સ્વરુપે સામુહિક પૂજામાં ફેરવાઈ ગઈ છે.

હોલિકા દહનથી ખુશ થઈ લોકોએ એકબીજા પર અબીલ ગુલાલ વગેરે ઉડાડ્યા. કોઈકે વળી ધૂળ ઉડાડવાનું શરું કર્યું ને તેમાંથી ધૂળેટી સર્જાઈ.

હિરણ્ય કશ્યપુને મારવા ધગધગતા થાંભલામાંથી નરસિંહ પ્રગટ્યો. આ બિનાનો લાક્ષણિક મર્મ એ લોકોમાં પ્રહલાદે પ્રાણ પૂર્યા. નરમાં સિંહ પ્રગટાવ્યો. નાના-મોટા સૌને પ્રાણવાન બનાવ્યા. થાંભળા જેવા જડ, ચેતન શૂન્ય, નિષ્ક્રય બનેલા લોકોમાં પ્રહ્‌લાદે પ્રાણપૂર્યા. હિરણ્ય કશ્યપુને નર કે પશું, ઘરમાં કે બહાર, રાત્રે કે દિવસે કોઈ જ મારી ન શકે એવું જે વરદાન હતું એનો મતલબ એ કે પોતાની જાત રક્ષણની ખૂબ જ ચુસ્ત - પાકી ગોઠવણ કરેલી હતી. છતાં લોકસંગઠન અને લોકજાગૃતિ આગળ દુષ્ વૃત્તિનો પરાભવ થતો હોય છે. એ વાત આ હોળીનું પર્વ સમજાવે છે.

બીજું કે હોળીમાં નકામી ચીજો કે કચરો જ બાળવો નહીં પણ આપણા જીવનમાં રહીને આપણને પજવતા ખોટા વિચારો, મનના કષાયોને પણ બાળવા જોઈએ. ભગવાન શિવે કરેલું કામ-દહન પણ સાંકેતિક છે. વસંતના બહાને ઉન્માદી બનેલો કામ શિવત્વ પર હુમલો કરવાનો પ્રયત્ન કરે તો તેનો પોતાનો જ વિનાશ થાય છે. એ જ રીતે મર્યાદામાં રહેલો કામ એ ભગવાનની વિભૂતિ ગણાય છે પણ મર્યાદા ચૂકેલો કામ આત્મઘાતક બને છે.

દોસ્તો, હોળીના રંગ લઈને આવેલો ફાગણિયો આપણને નવજીવનનો સંદેશ આપે છે. યથાર્થ રીતે પર્વનો મર્મ સમજીએ. ઉત્સવનો ઉલ્લાસ માણીએ...

આપ સહુને ફાગણના ફાગ મુબારક !!!

●●●

***સ્પર્શમણિ***

રંગવું તો એક બહાનું છે.

અસલી હોળી તો અબીલગુલાલની સાથે પોતાના લોકોની નજીક આવવું છે

●●●

પલ પલ રંગ
બદલતી દુનિયા...
ઔર લોક પૂછતે હૈ...
હોલી કબ હૈ...

- rasikvaland1965@gmail.com